GUJARAT UNIVERSITY
Estd. 1949

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY
યુવક કલ્યાણ વિભાગ
DEPARTMENT OF YOUTH WELFARE

---

યુ.ક. નં/૪૫/૨૦૨૩ તા: ૩૧-૦૮-૨૦૨૩

**વિષય: બેઝીક માઉન્ટેનીયરીંગ કેમ્પ, એડવાન્સ માઉન્ટેનીયરીંગ કેમ્પ અને ફોરેસ્ટ કેમ્પ અંગે.**

આચાર્યશ્રી/અધ્યક્ષશ્રી,

ગુજરાત યુનિવર્સિટી, યુવક કલ્યાણ વિભાગ દ્વારા જાન્યુઆરી, ફેબ્રુઆરી માસ દરમ્યાન ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના વિદ્યાર્થી ભાઈઓ અને બહેનો માટે નીચે દર્શાવેલ કેમ્પનું આયોજન કરવા વિચારણા હેઠળ છે.

(૧) બેઝીક માઉન્ટેનીયરીંગ કેમ્પ (૨) એડવાન્સ માઉન્ટેનીયરીંગ કેમ્પ (૩) ફોરેસ્ટ કેમ્પ

ઉપરોક્ત કેમ્પમાં જોડાવવા ઉત્સુક, ખડતલ, નીડર તેમજ સાહસિક અને શિબિર જીવનની અગવડતાઓ વેઠવા તૈયાર હોય તેવા વિદ્યાર્થીઓને જ કેમ્પમાં ભાગ લેવા માટે મોકલવા. ઉપરોક્ત દર્શાવેલ કેમ્પમાં ભાગ લેવા ઈચ્છુક વિદ્યાર્થીઓની આપની કોલેજમાંથી પંસદગી કરી દરેક કેમ્પ દીઠ ૨ (બે) વિદ્યાર્થી ભાઈઓ અને ૨ (બે) વિદ્યાર્થીની બહેનોના ફોર્મ ભરીને કોલેજના ફોરવર્ડીંગ લેટર સાથે તા. ૧૬-૦૯-૨૦૨૩ ના રોજ બપોરે ૪-૦૦ કલાક સુધીમાં યુવક કલ્યાણ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી ખાતે મોકલી આપવા વિનંતી. ગર્લ્સ કોલેજ કેમ્પ દીઠ ૪ (ચાર) વિદ્યાર્થીની બહેનોના નામ મોકલી શકશે.

કેમ્પમાં ભાગ લેવા માટેના વિદ્યાર્થીઓની આખરી પસંદગી યુનિવર્સિટી દ્વારા કરવામાં આવશે. વિદ્યાર્થી ભાઈઓએ દોડ કસોટી ૧૬૦૦ મીટર ૬ મીનીટ અને ૪૦ સેકન્ડમાં પૂર્ણ કરવાની રહેશે. જ્યારે બહેનોએ દોડ કસોટી ૮૦૦ મીટર ૪ મીનીટ અને ૩૦ સેકન્ડમાં પૂર્ણ કરવાની રહેશે. પસંદગી કસોટીની જાણ વિદ્યાર્થીઓને ઈ-મેલ ઉપર કરવામાં આવશે. પસંદગી સ્થળે વિદ્યાર્થીઓએ પોતે સ્વખર્ચે ઉપસ્થિત થવાનું રહેશે. કેમ્પ દરમ્યાન જો કોઈ અકસ્માત થાય કે બીમાર પડે તો તેની જવાબદારી વિદ્યાર્થીની પોતાની રહેશે અને સારવારનો પુરેપુરો ખર્ચ પણ જે તે વિદ્યાર્થીએ પોતે ભોગવવાનો રહેશે. કેમ્પ સ્થળે આવવા-જવાનો ખર્ચ વિદ્યાર્થીઓએ પોતે અથવા કોલેજે ભોગવવાનો રહેશે. જયારે રહેવા, જમવા તથા તાલીમની સગવડ કેમ્પના સ્થળે યુનિવર્સિટી દ્વારા કરવામાં આવશે. ઉપરોક્ત કેમ્પના સંચાલક તરીકે નાયબ નિયામક, યુવક કલ્યાણ કે તેમના પ્રતિનિધિ રહેશે. **હવે પછીનો પત્ર વ્યવહાર તથા કેમ્પ અંગેની તમામ માહિતી વિદ્યાથીઓના E-MAIL ID પર મોકલી આપવામાં આવશે.** જેની નોંધ લઈ તેની જાણ વિદ્યાર્થીઓને કરવા વિનંતી. ઉપરોક્ત તમામ જાણકારી વિદ્યાર્થીઓને આપ્યા બાદ જ એપ્લીકેશન ફોર્મ મોકલી આપવા વિનંતી.

**નોંધઃ** (૧) વિદ્યાર્થીઓએ અગાઉ જે કેમ્પમાં ભાગ લીધેલ હોય તે જ કેમ્પમાં ફરી વખત ભાગ લઈ શકશે નહી.

(૨) અગાઉ હિમાલયા કેમ્પમાં ભાગ લીધેલ હોય તેવા વિદ્યાર્થીઓ ઉપરોક્ત કેમ્પોમાં ભાગ લઈ શકશે નહીં.

(૩) એક વિદ્યાર્થી કોઈ પણ એક જ કેમ્પમાં ભાગ લઈ શકશે.

(૪) ઉપર દર્શાવ્યા મુજબની વિદ્યાર્થીઓની નિયત સંખ્યા કરતા વધારે નામો મોકલવા નહી, તે ધ્યાને લેવું.

(૫) બેઝીક માઉન્ટેનીયરીંગ કેમ્પમાં જે વિદ્યાર્થીઓને **A** અથવા **B** ગ્રેડ આવેલ હશે તેવા વિદ્યાર્થીઓ જ એડવાન્સ માઉન્ટેનીયરીંગ કેમ્પમાં ભાગ લઈ શકશે, જેનું સર્ટીફીકેટ ફોર્મ સાથે જોડવાનું રહેશે.

આપનો વિશ્વાસુ,

નાયબ નિયામક યુવક કલ્યાણ

પ્રતિ,

યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ, વિદ્યાભવનના અધ્યક્ષશ્રીઓ તથા માન્ય સંસ્થાના વડાશ્રીઓ

# GUJARAT UNIVERSITY
## DEPARTMENT OF YOUTH WELFARE

### APPLICATION FORM

**(NOTE : FORMS FILL IN THE CAPITAL BLOCK LETTERS )**

**CAMP NAME:**

PASTE YOUR RECENT PASSPORT SIZE PHOTOGRAPH SIGNED BY PRINCIPAL

1 STUDENTS FULL NAME:

SURNAME:

NAME:

FATHERS NAME:

2 STUDENTS ADDRESS:

Pin Code :

3 NAME OF THE COLLEGE:

4 ENROLLMENT NO. :

5 STUDYING CLASS :

6 CONTACT NO. (M) :

7 GUARDIAN'S CONTACT NO.

8 CATEGORY ( GENERAL / OBC / SC / ST )

9 E-MAIL (COMPULSORY) :

10 DATE OF BIRTH:

11 AGE:

12 TRACKSUIT SIZE ( TICK (√) MARK ON SIZE):

| 36 | 38 | 40 | 42 | 44 |
|---|---|---|---|---|
| (S) | (M) | (L) | (XL) | (XXL) |

13 SHOES SIZE ( TICK (√) MARK ON SIZE): 4 5 6 7 8 9 10 11 12

(SIGNATURE OF STUDENT)

I hereby certify that the above mentioned information is correct as per our college record and best of my knowledge and belief.

(PRINCIPAL SIGNATURE & SEAL)